# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-10-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## સંરક્ષણમંત્રી : ભુજના લશ્કરી મથકે

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાનની કોઈપણ ગેરપ્રવૃતિનો નિર્ણાયક જવાબ અપાશે. ગઇકાલે ગુજરાતનાં ભુજ લશ્કરી મથકે જવાનોને સંબોધતા તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન દેશના સંરક્ષણ નેટવર્કમાં ઘૂસણખોરીના પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ બનાવવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી.

તેમણે કહ્યું, સશસ્ત્ર દળોની એકતાને કારણે ઓપરેશન સિંદૂર સફળ રહ્યું. આતંકવાદ સામે ભારતની લડાઈ સંપૂર્ણ સંકલ્પ સાથે ચાલુ રહેશે. તેમણે ઉમેર્યું, યુદ્ધ માત્ર શસ્ત્રોથી નહીં મનોબળ, શિસ્ત અને સતત તૈયારી દ્વારા જીતી શકાય છે.

**-----------------------------------------------------------------------------------------------**

## ગૃહમંત્રી : ખાદી પર છૂટ

ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે નવી દિલ્હીના ખાદી ગ્રામોદ્યોગ ભવનમાં **GST** બચત મહોત્સવના ભાગ રૂપે ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનો પર રાષ્ટ્રવ્યાપીછૂટ અભિયાન શરૂ કર્યું. ખાદી મહોત્સવ 2025 દરમિયાન, ગઇકાલથી 5 નવેમ્બર સુધી, ગ્રાહકોને ખાદીના વસ્ત્રો પર 20 ટકા અને ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનો પર 10 ટકા છૂટ મળશે.

**-----------------------------------------------------------------------------------------------**

## ભારત – વેસ્ટ ઇન્ડિઝ ટેસ્ટ મેચ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ભારતે બે વિકેટે 121 રન પર પોતાનો દાવ સમાપ્ત કર્યો.

પ્રથમ દિવસની રમતને અંતે, કેએલ રાહુલ 53 અને શુભમન ગિલ 18 ક્રીઝ પર અણનમ રહ્યા અને ભારત 41 રનથી પાછળ હતું. વેસ્ટ ઈન્ડિઝની ટીમને ફક્ત 162 રને ઓલઆઉટ કર્યા પછી, ઓપનર યશસ્વી જયસ્વાલ અને રાહુલે પહેલી વિકેટ માટે 68 રનની ભાગીદારી નોંધાવી. અગાઉ, ભારતના મોહમ્મદ સિરાજે 4 અને જસપ્રીત બુમરાહે 3 વિકેટ લીધી.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં ખાદીનું વેચાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્વદેશી વસ્તુઓની ખરીદી માટે વિશેષ અપીલ કરાઈ હતી.જેના પગલે ગઇકાલે ગાંધી જયંતિ નિમિત્તે કચ્છમાં ભુજ ખાદી મંદિરમાં 45 હજાર,ભુજમાં આવેલા ગ્રામ્ય શિલ્પ ખાદી બાગ માંથી 35 હજાર,અંજાર ખાદીભંડારમાંથી 20 હજાર,તેમજ માધાપર ખાદી ભંડારમાંથી 20 હજારનુ વેચાણ થયુ હતું. કચ્છભરમાં આવેલા ખાદીભંડાર સેન્ટરોમાંથી રૂ.1 લાખ 20 હજારની ખાદીનુ વેચાણ થયુ હોવાનુ ખાદી ભંડાર સંઘના પ્રમુખ બાબુભાઈ ઠકકરે જણાવ્યુ હતું. પ્રધાનમંત્રીની અપીલને પગલે લોકોમાં સ્વદેશી વસ્તુઓ ખરીદી માટે જાગૃતતા આવી હોવાનુ ચિત્ર ઉપસ્યુ હતું.

---------------------------------------------------------------------------------------

## RSS ના 100 વર્ષની ઉજવણી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યને 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે અંજાર તેમજ ગઢશીશામાં વિજયાદશમી પર્વ નિમિત્તે પથસંચલન અને શતાબ્દી વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

સ્વયંસેવકોએ સંપૂર્ણ ગણવેશમાં શિસ્તબદ્ધ રીતે સંચલન કરી શહેરભરમાં શક્તિ, એકતા અને રાષ્ટ્રભક્તિનો સંદેશો આપ્યો હતો. આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યને 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ધ્વજારોહણ, શારીરિક પ્રાત્યક્ષિક, પરિચય, વૈયક્તિક અમૃત વચન,

ગીત,પ્રાર્થનાસહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના નાગરિકો, અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

----------------------------------------------------------------------------------------

## ભચાઉ : દુર્ગાપૂજાનું સમાપન

ભચાઉના ફૂલવાડી વિસ્તારમાં બંગાળી અને ઉત્તર ભારતીય પરિવારો દ્વારા આયોજિત દુર્ગાપૂજાનું સમાપન થયું છે. સતત 16મા વર્ષે યોજાયેલી આ પૂજા દરમિયાન માતા કાલિકાની મૂર્તિનું છછડા તળાવમાં વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યું.

એક સપ્તાહ સુધી ચાલેલા આ ધાર્મિક પ્રસંગમાં દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યા હતા.

----------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી : દીક્ષાંત સમારોહ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે આજરોજ કૃષ્ણ ભવન કોર્ટ હોલમાં સવારે `પ્રી કોન્વોકેશન ફેમીલીસન સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા પ્રથમવાર યોજાતો આ કાર્યક્રમ યુનિવર્સિટીના શૈક્ષણિક અને સંશોધન ઈતિહાસમાં  મહત્વપૂર્ણ પડાવ સાબિત થવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત આવતીકાલે યુનિવર્સિટીના 15મા દીક્ષાંત સમારંભમાં પી.એચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરનારા સંશોધકોનું તેમના માતા-પિતા/વાલીઓ, પી.એચ.ડી. માર્ગદર્શક તથા વિભાગાધ્યક્ષોનું સન્માન કરવામાં આવશે.

----------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદી માહોલ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લો પ્રેશર સિસ્ટમના કારણે કચ્છ સહિત રાજયમા વરસાદી માહોલ છવાયો છે.  ગઇકાલે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.

ત્યારે જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલી વિગત અનુસાર ગઇકાલે સાંજે છ વાગ્યાથી આજે સવારના છ વાગ્યા સુધી મળતી વિગત અનુસાર માંડવી 22 મિલિમીટર, મુન્દ્રા 16 મિ.મિ., લખપત 6 મિ.મિ., અબડાસા 5 મિમિ, ગાંધીધામ 4 મિમિ તેમજ ભુજ, અંજાર અને નખત્રાણામાં 3-3 મિલિમીટર વરસાદ પડ્યો હતો.

---------------------------------------------------------------------------------